# પાણીનું બાપ્તિસ્મા

## નૂહ અને બીજાઓએ આધિન વિશ્વાસનો નમૂનો આપ્યો.

**પ્રાર્થના :** પ્રેમી પિતા, જેઓને તમે તમારી તરફ ખેંચ્યા છે અને અમારી મંડળીને સોંપ્યા છે તેઓનો બાપ્તિસ્મા દ્વારા સ્વીકાર કરવા અમારી સહાય કરો. હે પ્રભુ આ અભ્યાસનો ઉપયોગ એ રીતે કરો કે બધા વિશ્વાસીઓ તમારા વચનના શિક્ષણ પ્રમાણે બાપ્તિસ્મા દ્વારા પાપના સંબંધમાં મરેલા અને નવા, પવિત્ર અનંતજીવનના સંબંધમાં પુનરુત્થાન પામેલા થાય.

**૧. પ્રાર્થના અને દેવના વચન મારફતે તમારા હૃદયને તૈયાર કરો.**

**માત્થી અધ્યાય ૩ વાંચો.**

- ક્યા પ્રકારના લોકોને બાપ્તિસ્માની જરૂર છે ? ક ૧-૬ (જવાબ - જેઓએ પાપનો પસ્તાવો કર્યો છે તેમને)
- જે ધાર્મિક લોકો પોતાને ન્યાયી સમજીને બાપ્તિસ્માના હકદાર સમજતા હતા તેમને યોહાને શું કહ્યું ?(ક ૭)
- ઈસુને લેવું જરૂરી ન હોવા છતાં તેમણે શા માટે બાપ્તિસ્મા લીધું ? (૧૩-૧૫ બધું યશાસ્થિત કરવા માટે)



- પિતર ઈસુનું પુનરુત્થાન પામેલું શરીર નૂહના વહાણ સાથે સરખાવે છે. (૧ પિતર ૩ :૧૮ - ૨૨)
- આમ છતાં, કોઈ મોટું વહાણ અથવા કોઈ વિમાન આપણને સ્વર્ગમાં લઈ જઈ ના શકે. જે પ્રમાણે નૂહ અને તેનું કુટુંબ પ્રાચીન વહાણમાં બચાવ પામ્યા તે જ પ્રમાણે આપણે ખ્રિસ્તના પુનરુત્થાન પામેલા શરીરમાં હોવાથી દેવ આપણને સ્વર્ગીય સ્થાનોમાં નવા જીવનમાં ઊઠાવે છે.

**રૂમી ૬ :૧-૧૪માં જૂઓ.**

- કઈ બાબતો પ્રત્યે દેવ આપણને મરણ પામવાનું કહે છે ?
- આપણે પાપના સંબંધમાં મરણ પામેલા છીએ તો બાપ્તિસ્મા દ્વારા આપણે કોની સાથે દટાયા છીએ ?
- ખ્રિસ્ત સાથે દટાએલા હોવાથી આપણે કઈ રીતે તેની સાથે સમાનતામાં છીએ ?
- આપણે ખ્રિસ્તની સાથે તેના પુનરુત્થાનની સમાનતામાં ભાગીદાર થવા માટે ખ્રિસ્તની સાથે શું વધસ્તંભે જડાવું જોઈએ?
- આપણું જૂનું માણસપણું, જૂનો પાપી સ્વભાવ ખ્રિસ્ત સાથે વધસ્તંભે જડાયો છે તો આપણા અવયવોને આપણે કઈ બાબતોને સોંપીશું ? (કલમ ૬ - ૧૪)

**માત્થી ૨૮ :૧૮-૨૮** ઈસુના સ્વર્ગારોહણ પહેલાની અંતિમ મહાન આજ્ઞા.

- ઈસુએ તેના અનુયાયીઓને શિષ્યો બનાવવા બાબતે શું કહ્યું ? (બાપ, પુત્ર તથા પવિત્ર આત્માને નામે તેઓને બાપ્તિસ્મા આપતા જાઓ. અને તેઓને ખ્રીસ્તની બધી આજ્ઞાઓ પાળવાનું શિખવતા જાઓ.)

- નવા વિશ્વાસીઓને આપણે કોની સત્તાથી બાપ્તિસ્મા આપીએ છીએ ? (ક ૧૮ ઈસુના અધિકારથી)
- કઈ દેશજાતિઓમાંથી આપણે શિષ્યો બનાવવાના છે ? (ક ૧૯ બધા લોકોમાંથી)

**પ્રેકૃ. ૨ :૩૭-૪૭માં** જૂઓ.

- જ્યારે લોકોએ પિતરના સંદેશાનો અંગીકાર કર્યો ત્યારે તેણે તેમને શું કરવાનું કહ્યું ? (૩૭-૩૮)
- જેઓએ પસ્તાવો કરીને બાપ્તિસ્મા લીધું તેમને કઈ બે પ્રતિજ્ઞાઓ આપવામા આવી ? (૩૮)
- જેઓએ ખ્રિસ્તનો અંગીકાર કર્યો તેમને પ્રેરિતોએ ક્યારે બાપ્તિસ્મા આપ્યું અને મંડળીમાં સ્વીકાર કર્યો ?(૪૧-૪૨)
- નવા બાપ્તિસ્મા પામેલા લોકોએ તરત શું કરવાનું શરૂ કર્યું ? (૪૨)

**પ્રે.કૃ. ૧૬ :૧૩-૪૦ માં** શોધો કે

- બે માણસો એ ખ્રિસ્ત પર વિશ્વાસ કર્યો ત્યારે તેમનું કુટુંબ પણ તેમની સાથે વિશ્વાસ કરવામાં અને બાપ્તિસ્મા લેવામાં તેમની સાથે જોડાયું. (૧૩-૧૫ અને ૨૫-૩૧)
- જેઓ ઈસુને પ્રત્યુત્તર આપે છે તેવા લોકોના કુટુંબીજનો પાસે આપણે તરત જ શા માટે સુવાર્તા લઈને પહોંચી જઈએ છીએ? (ક ૩૧ અને પ્રેકૃ. ૧૮ :૮માં બીજુ આખું કુટુંબ સાથે બાપ્તિસ્મા પામ્યું તેનો દાખલો છે )

## ૨. સાથીદારો સાથે અઠવાડિયાની પ્રવૃત્તિઓનું આયોજન કરો

જે નવા વિશ્વાસીઓએ હજુ બાપ્તિસ્માની આજ્ઞાને આધિન થવાનો આશિર્વાદ મેળવ્યો નથી તેઓને બાપ્તિસ્મા આપવાની વ્યવસ્થા કરો.

જ્યારે તમે લોકોને સુવાર્તા આપો ત્યારે તેમને સમજાવો કે તેમણે તેમની જૂની માન્યતાઓથી, જીવન જીવવાની પદ્ધતિથી ફરી જઈને ખ્રિસ્તમાં નવો જન્મ પામવાનો છે. તેમના પસ્તાવા અને વિશ્વાસને મહોરસિક્કો થવા માટે વિના વિલંબે તેમને બાપ્તિસ્મા આપો. તેઓ દ્વારા તમે નવી મંડળી પણ શરુ કરી શકો.

જો જાહેરમાં બાપ્તિસ્મા આપવું જોખમકારક હોય તો જેમ ફિલિપે હબસી ખોજાને ખાનગી રીતે બાપ્તિસ્મા આપ્યું તેમ આપો. (પ્રે.કૃ. ૮ :૨૭-૪૦) આ જ રીતે પાઉલે જેલર અને તેના કુટુંબને બાપ્તિસ્મા આપ્યું (પ્રેકૃ. ૨૬ :૨૯-૩૪)

બાપ્તિસ્મા વખતે કેટલાક લોકો પોતાના નામ બદલતા હોય છે.

## ૩. આગામી ભજનસેવામાં આયોજન કરો

ચાલુ જરૂરિયાત અને રસમો પ્રમાણેની પ્રવૃત્તિઓ પસંદ કરો.

સમજાવો કે જેમ વહાણ બનાવતી વખતે નૂહ દેવને આધિન થયો તેમ આપણે ખ્રિસ્તને આધિન થવું જરૂરી છે. (ભાગ ૧ જૂઓ)

ઉત્પતિ ૬ -૯ અધ્યાયો ઉપરથી ટૂંકાણમાં નૂહના વહાણની વાર્તા કહો.

ઈસુનું પુનરુત્થાન પામેલું શરીર કઈ રીતે વહાણ સાથે સમાનતા ધરાવે છે તે સમજાવો.

બાળકોને તેમણે તૈયાર કરેલું નૂહના વહાણનું નાટક રજુ કરવા દો. આ સાથે તેઓ તૈયાર કરેલા પ્રશ્નો પણ સભાજનોને પૂછી શકે.

**રૂમી ૬ :૧-૧૪**માંથી સમાજાવો કે બાપ્તિસ્મામાં આપણે ખ્રિસ્તની સમાનતામાં મરણ પામીએ છીએ અને નવા જીવનમાં તેની સાથે પુનરુત્થાન પામીએ છીએ. (ભાગ ૧ જૂઓ)

**માત્થી ૩** ઉપરથી યોહાન બાપ્તિસ્મા કરનાર વિષે સમજણ આપો.

- યોહાને શા માટે કેટલાક ધાર્મિક લોકોને બાપ્તિસ્મા આપવાનો નકાર કર્યો. જ્યારે કેટલાક ખરાબ લોકોને તેણે બાપ્તિસ્મા આપ્યું ?
- શા માટે ઈસુ બાપ્તિસ્મા પામ્યા ?

**માત્થી ૨૮ :૧૮-૨૦**માંથી સમજાવો કે પ્રભુ ઈસુ કેવી રીતે શિષ્યો બનાવવાનું કહે છે ? (ભાગ ૧)

**પ્રેકૃ. ૨:૩૭-૪૧** માંથી સમજાવો કે જે માણસો તારણ શોધતા હતા તેમને પિતરે શું કરવાનું કહ્યું ?(ભાગ ૧)

કઈ રીતે પ્રેરિતોએ આખા કુટુંબોને બાપ્તિસ્મા આપ્યું. **પ્રેકૃ. ૧૬ :૩૧** અને જેઓ ખ્રિસ્તનો અંગીકાર કરે છે તેમના કુટુંબીજનો પાસે આપણે શા માટે સુવાર્તા લઈને જઈએ છીએ તે સમજાવો. (ભાગ ૧ જૂઓ)

**પ્રભુની મેજ**ની સેવા માટે ઉત્પતિ. ૮ :૧૪-૨૨ વાંચો અને સમજાવો કે નૂહની નવી દુનિયાની શરૂઆત નિર્દોષ પ્રાણીઓના બલિદાનના લોહી સાથે થઈ હતી. ઈસુનું વધસ્તંભ પરનું બલિદાન આ જરૂરિયાત સદાકાળને માટે પૂરિપૂર્ણ કરે છે.

પ્રેકૃ. ૨ :૩૮ **મુખપાઠ કરો.**

૨ રાજા ૫ ઉપરથી અરામના સેનાપતિ નાઅમાનની **વાર્તા કહો અથવા ભજવો**

- તે દેવને આધિન થતા કેવી રીતે શીખ્યો.
- સમજાવો કે યરદન નદીએ નાઅમાનનો કોઢ શુદ્ધ કર્યો તેથી વધારે બાપ્તિસ્મામાં પાણી આપણા પાપ શુદ્ધ કરતું નથી. તે કામ તો દેવ કરે છે.

Copyright 2004 © by Paul-Timothy. May be freely copied.
Download from www.Paul-Timothy.net.